
**તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૯ ટકા ● સાંજે ૭૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૭૨ | ૨ સપ્ટેમ્બર, ૨૦૧૬, શુક્રવાર ; ભાદરવા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો





# જીયોની મફત વેલકમ ઓફર

**ફ્રી વોઈસ કોલિંગ, શૂન્ય રોમિંગ ચાર્જ અને સસ્તા ડેટાની ઘોષણા : રિલાયન્સ જીયોના લોન્ચની મુકેશ અંબાણી દ્વારા જાહેરાત : જીયો ગ્રાહકો માટે પાંચમી સપ્ટેમ્બરથી ૩૧મી ડિસેમ્બર સુધી મફત વેલકમ ઓફરની જાહેરાત : જીયો શરૂમાં ૪ માસ માટે મફત ડેટા સેવા ઓફર કરશે**




નવી દિલ્હી,તા. ૧

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ આજે જીયોના ગ્રાહકો માટે મફત વોઈસ કોલીંગ, શૂન્ય રોમીંગ ચાર્જ અને સસ્તા ડેટા દરોની જાહેરાત કરીને મોબાઈલ માર્કેટમાં હરીફ કંપનીઓને હચમચાવી દીધી હતી. આ ઉપરાંત અંબાણીએ જીયો ગ્રાહકો માટે પાંચમી સપ્ટેમ્બરથી ૩૧ ડિસેમ્બર વચ્ચેના ગાળામાં મફત ફ્રી વેલકમ ઓફરની જાહેરાત કરી હતી. જેના ભાગરૂપે જીયો શરૂઆતી ચાર મહિના માટે મફત ડેટા સેવાઓની ઓફર કરશે. ત્યારબાદ તે ડેટાના ૧૦ પ્લાનની ઓફર કરશે.

આ પ્લાન હેઠળ ક્યારેક ક્યારેક ડેટા પ્રયોગ કરનાર ગ્રાહકો માટે એક દિવસની અવધિવાળા ૨૦ રૂપિયાના પ્લાન, ઓછા ડેટાનો ઉપયોગ કરનાર માટે ૧૪૯ રૂપિયા દર મહિનનાના પ્લાન, ખૂબ વધારે ડેટાનો ઉપયોગ કરનાર માટે ૪૯૯૯ રૂપિયાના મહિને પ્લાનની જાહેરાત પણ કરી છે.

અંબાણીએ ઓછામાં ઓછા સમયમાં જીયો માટે ૧૦ કરોડ ગ્રાહકો માટેનો ટાર્ગેટ નક્કી કર્યો છે. કંપનીએ પોતાના હેન્ડસેટ બ્રાન્ડ હેઠળ સૌથી વિશ્વસનીય સ્માર્ટફોનની પણ જાહેરાત કરી છે જેની કિંમત ૨૯૯૯ રૂપિયા રહેશે. અંબાણીએ કહ્યું હતું કે ગ્રાહકોને વોઈસ કોલ અથવા ડેટામાંથી કોઈ એક માટે ચૂકવણી કરવી જોઈએ.

● અનુસંધાન પાન-૫ પર

## અમેઠીમાં સંઘ પર રાહુલના ફરી એકવાર તેજાબી પ્રહારો

અમેઠી,તા. ૧

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે ફરી એકવાર આરએસએસને ટાર્ગેટ બનાવીને પ્રહારો કર્યા હતા. પોતાના મતવિસ્તારમાં એક સ્કુલનું ઉદ્ઘાટન કર્યા બાદ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે સંઘના લોકોએ સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લીધો ન હતો. હિન્દુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી દરેક લોકો સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા હતા પરંતુ સંઘના લોકો ન હતા.

તેમણે એમ પણ કહ્યું હતું કે સંઘના લોકો સ્વતંત્રતા સંઘર્ષમાં કોઈ રીતે જોડાયેલા ન હતા. સુપ્રિમ કોર્ટમાં કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી હાલમાં જ કહી ચુક્યા છે કે તેઓ પોતાના શબ્દો ઉપર કાયમ છે. વર્ષ ૨૦૧૪માં સંઘ સામે જે કંઈપણ કહ્યું હતું તેને લઈને પોતાના શબ્દો ઉપર મક્કમ છે. તેમની સામે બદનક્ષીના કેસને પરત ખેંચી લેવાની માંગ કરતી પોતાની અરજી રાહુલ ગાંધીએ પાછી ખેંચી લીધી છે અને કહ્યું છે કે આ કેસમાં ટ્રાયલનો સામનો કરવા માટે તેઓ તૈયાર છે.

## સબસિડીવાળા એલપીજીમાં બે રૂપિયાનો ભાવ વધારો

**સબસીડીમાં કાપના હેતુસર સરકાર દ્વારા રેટમાં વધારો કરવાનો સીલસીલો હાલ ચાલી રહ્યો છે**



નવી દિલ્હી, તા. ૧

તીવ્ર મોંઘવારી વચ્ચે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કરવામાં આવ્યાના એક દિવસ બાદ આજે સબસીડીવાળા રાંધણગેસ (એલપીજી) ગેસ સિલિન્ડરની કિંમતમાં પ્રતિ સિલિન્ડર બે રૂપિયા સુધીનો વધારો આજે કરવામાં આવ્યો હતો. જુલાઈ મહિના બાદથી ત્રીજી વખત વધારો કરવામાં આવ્યો છે. જેટ ફ્યુઅલની કિંમતમાં ૩.૮ ટકા સુધીનો ઘટાડો આજે કરવામાં આવ્યો હતો. આજે સબસીડીવાળા એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં બે રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યા બાદ સબસીડીવાળા ૧૪.૨ કિલોગ્રામ વાળા સિલિન્ડરની કિંમતમાં દિલ્હીમાં ૪૨૫.૦૬ રૂપિયા રહેશે જે હાલમાં ૪૨૩.૦૯ રૂપિયા છે. જુલાઈ મહિના બાદથી સબસીડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં ત્રીજી વખત વધારો કરાયો છે. જુલાઈ મહિનામાં સરકારે દર મહિને રેટમાં નાનકડો વધારો કરવાનો નિર્ણય કર્યો હતો. સબસીડીને ઘટાડવાના હેતુસર આ નિર્ણય કરાયો હતો.

# સેન્ટ્રલ ટ્રેડ યુનિયનોની આજે હડતાળ

**પીએસયુ બેંકના કર્મચારીઓ આજે હડતાળમાં સામેલ થશે : બેન્કીંગ ઓપરેશન ઉપર પ્રતિકુળ અસર થઈ શકે : લોક વિરોધી બેન્કીંગ સુધારા, બેન્કના ખાનગીકરણનો વિરોધ**

નવી દિલ્હી,તા. ૧

પીએસયુ બેન્કોના કર્મચારીઓ પણ આવતીકાલે થનાર ટ્રેડ યુનિયનોની હડતાળમાં સામે થવાનો નિર્ણય કરી ચુક્યા છે. જેના પરિણામ સ્વરૂપે બેન્કીંગ કામગીરીને માઠી અસર થાય તેનવા સંકેત દેખાઈ રહ્યા છે. સરકારની શ્રમ વિરોધી નીતિઓ સામેના વિરોધમાં સેન્ટ્રલ ટ્રેડ યુનિયનો દ્વારા હડતાળની હાકલ કરાઈ છે. જેમાં જાહેર ક્ષેત્રોની છ બેન્કોના કર્મચારીઓ જોડાવવાનો નિર્ણય કરી ચુક્યા છે. જેના લીધે બેન્કીંગ સેવાને અસર થશે. ઘણી બેંકો દ્વારા પહેલાથી જ તેમના ગ્રાહકોને આ સંદર્ભમાં સૂચના આપી દેવામાં આવી છે. ઓલ ઈન્ડિયા બેન્ક ઓમ્પલોઈ એસોસિએશન, બેન્ક એમ્પલોઈઝ ફેડરેશન ઓફ ઈન્ડિયા, ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ એસોસિએશન, ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કન્ફરડેશન અને ઈન્ડિયા નેશનલ બેંક ઓફિસર્સ દ્વારા હડતાળ પાડવાનો નિર્ણય કરાયો છે. આવતીકાલે એક દિવસની હડતાળ પાડવામાં આવનાર છે.

# રાજ્યમાં ૧૧ એરપોર્ટ વિકસાવાશે

**રિજીયોનલ કનેકટીવીટી સ્કીમમાં ગુજરાતના એરપોર્ટ વિકસાવવા કેન્દ્ર-રાજ્ય સરકાર વચ્ચે એમઓયુ : મુખ્યમંત્રી વિજય રૂપાણી, કેન્દ્રિય નાગરિક ઉડ્ડયન પ્રધાન સહિત વરિષ્ઠ પ્રધાનો અને સચિવોની ઉપસ્થિતિમાં કરાર**

અમદાવાદ, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે નાગરિક ઉડ્ડયન ક્ષેત્ર તેમજ ઉડ્ડયન માળખાનો વિકાસ કરવા હેતુથી નેશનલ સિવિલ એવિએશન પોલિસી ૨૦૧૬માં રિજીયોનલ કનેકટીવીટી સ્કીમને પ્રોત્સાહિત કરી છે. ગુરાતમાં આ કનેકટીવીટી સ્કીમ અંતર્ગત ભાવનગર, ભુજ, જામનગર, સુરત, પોરબંદર, મહેસાણા, માંડવી, અમરેલી, કંડલા, કેશોદ તેમજ ડીસા ખાતેના એરપોર્ટ જે અનસર્વડ-અન્ડરસર્વડ કેટેગરીમાં આવે છે તેનો વિકાસ કરવાનો ધ્યેય રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી ગજપતિ રાજૂની પ્રેરક ઉપસ્થિતિમાં આ માટેના સમજૂતિ કરાર આજે ગાંધીનગર મુખ્યમંત્રી નિવાસ સંકુલમાં યોજાયેલી બેઠકમાં કેન્દ્ર-રાજ્ય સરકાર વચ્ચે સંપન્ન થયા હતા. મુખ્યમંત્રી માટે સૌથી અનુકુળ વાણિજ્યીક વાતાવરણ ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારે વિશેષ ફોક્સ કર્યુંછે તે દિશામાં રાજ્યમાં મુસાફરોને સરળ એરકનેકટીવીટી મળી રહે અને એવિએશન સેક્ટર વધુ કાર્યક્ષમ રીતે




વિજય રૂપાણીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતને એવિએશન હબ બનાવવા આ સમજૂતિ કરાર એમઓયુ નવું બળ પુરુ પાડનારા બનવાના છે. સમગ્ર વિકસે તે માટે રાજ્યના ૧૧ એરસ્ટ્રીપ્સ-એરપોર્ટસ જે ચાલુ છે અથવા કાર્યકરી સ્થિતિમાં નથી તેના વિકાસ માટે એમઓયુ કરવામાં આવ્યા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ આરસીએસના નાગરિક ઉડ્ડયન મંત્રાલયની યોજના મુજબ હાથ ધરવામાં આવશે. વિજય રૂપાણી અને ગજપતિ રાજુ તથા રાજ્ય સરકારના મંત્રીઓ બાબુભાઈ બોખિરીયા તથા જશાભાઈ બારડ અને મુખ્ય સચિવ જેએન સિંઘ તેમજ રાજ્ય-કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં આ મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડિંગ પર ગુજરાતના પ્રવાસન અગ્રસચિવ એસજે હૈદર અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન ગુરુપ્રસાદ મહાપાત્રા તથા નાગરિક ઉડ્ડયન મંત્રાલયના વરિષ્ઠ અધિકારી ઉષા પધિએ હસ્તાક્ષર કરીને પરસ્પર આદાન-પ્રદાન કર્યા હતા.



કૃષિ વ્યવસાયમાં ધમધમાટ - સતત વરસાદને કારણે ઉભા પાકને રોગના ઉપદ્રવથી બચાવવા ખેડૂતો સક્રિય બન્યા છે... જીવજંતુઓના ઉપદ્રવના પ્રતિકાર માટે જંતુનાશક દવાઓનો છંટકાવ આજકાલ વ્યાપક પ્રમાણમાં કરાઈ રહ્યો છે...

# રાજ્યના ૪૨ જળાશય હાઈ એલર્ટ પર અને બે એલર્ટ પર

**હાલમાં વ્યાપક વરસાદના કારણે એલર્ટની જાહેરાત કરાઈ**

ગાંધીનગર, તા.૧

ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. જ્યારે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં આજે વરસાદ પડ્યો હતો. અમદાવાદમાં પણ ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૨.૪ અને લઘુત્તમ તાપમાન ૨૫.૧ ડિગ્રી રહ્યું હતું. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે ૧લી સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ સવારે ૮.૦૦ કલાકની સ્થિતિએ વ્યાપક વરસાદને કારણે રાજ્યના ૨૦૩ જળાશયો પૈકી ૪૨ જળાશયો હાઈએલર્ટ તેમજ ૦૨ જળાશયો એલર્ટ જાહેર કરાયા છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના સરદાર સરોવર ડેમ ૧૨૩.૦૧ મીટરની સપાટીએ પહોંચ્યો છે.






# સ્ટુડન્ટ સ્કોલરશીપની યોજના માટે ઓનલાઈન અરજી કરી શકાશે

**અરજી કરવાની અંતિમ તારીખ ૩૦મી સપ્ટેમ્બર : યોજનાનું ફોર્મ અને સ્કોલરશીપ યોજનાના લાભ મેળવવા યોજના અંગેની તમામ માહિતી વેબસાઈટ મુકી દેવાઈ છે**

ગાંધીનગર, તા.૧

સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશિપ ફોર કોલેજ એન્ડ યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યોજના હેઠળ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી માર્ચ-૨૦૧૬ની વાર્ષિક પરીક્ષામાં સાયન્સ અને સામાન્ય પ્રવાહમાં પ્રથમ પ્રયત્ને ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઈલ મેળવનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને કેન્દ્ર સરકારના ધારાધોરણ મુજબ રૂપિયા ૧૦૦૦૦ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થાય છે. આ શિષ્યવૃત્તિનો લાભ મેળવા ઈચ્છતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ શિષ્યવૃત્તિની ઓનલાઈન અરજી કરવા માટે યોજનાનું અરજી ફોર્મ તેમજ આ સ્કોલરશિપ યોજનાનો લાભ મેળવવા યોજના વિશેની તમામ જાણકારી National e-Scholarship Portal www. Scholarship.gov.in પર મુકવામાં આવી છે. આ યોજના માટે ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે.

વધુમાં શિષ્યવૃત્તિની ઓનલાઈન અરજી ફોર્મમાં ક્ષતિ રહી ન જાય તે માટે ઓનલાઈન અરજી કરતા પહેલા સંબંધિત વેબસાઈટ પર મુકવામનાં આવેલી શિષ્યવૃત્તિની માર્ગદર્શક સૂચનાઓને સંપૂર્ણ વાચી સમજીને ફક્ત ઓનલાઈન પદ્ધતિથી પુરતી કાળજી રાખીને અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી પોર્મમાં માહિતી ખોટી ભરી હશે તો અરજી રદ થશે. તદ્ઉપરાંત માર્ચ ૨૦૧૫માં જે વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓએ આ શિષ્યવૃત્તિની યોજના હેઠળ લાભ લીધો છે અને વર્ષ ૨૦૧૬માં રીન્યુઅલ શિષ્યવૃત્તિ મેળવવા માટે લાયકાત ધરાવતા હોય એટલે કે જેઓએ તેઓના ડીગ્રીના પ્રથમ વર્ષમાં ૬૦ ટકા મેળવ્યા હોય અને ૭૫ ટકા સંબંધિત સંસ્થામાં હાજરી આપેલી હોય તેઓએ પણ સંબંધિત વેબસાઈટ પર ઓનલાઈન અરજી ફોર્મ ભરવાનું રહેશે.





